# પ્રકરણ : ૧

## લાભશંકર ઠાકરનું જીવન,
## કવન અને
## તેનાં ઘડતર પરિબળો

# પ્રકરણ : ૧

# લાભશંકર ઠાકરનું જીવન, કવન અને તેનાં ઘડતર પરિબળો

શ્રી લાભશંકર ઠાકર અર્વાચીન ગુજરાતી સાહિત્યની વીસમી સદીના સાતમા-આઠમા દાયકાના એક ગણનીય સાહિત્ય સર્જક છે. ગુજરાતી સાહિત્યમાં એક તબક્કે પદ્ય-ગદ્ય ક્ષેત્રે જેવું વિલક્ષણ અને સત્ત્વશીલ પ્રદાન બ.ક. ઠાકોરનું હતું તેવું આજના તબક્કે લાભશંકર ઠાકરનું જણાય છે. ૧૯૬૦ પછી ગુજરાતી પદ્ય-ગદ્યના વળવળાંક વિકાસમાં જેમના સર્જક વ્યક્તિત્વની દઢ મુદ્રાઓ અંકિત છે એવા સાહિત્યિક સર્જકોમાં લાભશંકર ઠાકરનું નામ મૂકી શકાય.

## લાભશંકર ઠાકરનું જીવન :

શ્રી લાભશંકર ઠાકરનો જન્મ ૧૪/૦૧/૧૯૩૫ માં સુરેન્દ્રનગર જિલ્લાના સેડલા ગામમાં થયો હતો. પિતાનું નામ જાદવજી નરભેરામ શાસ્ત્રી અને માતાનું નામ પ્રભાવતીબેન હતું. તેમનું મૃત્યું ૦૬/૦૧/૨૦૧૬ ના રોજ અમદાવાદમાં થયું હતું. પિતા વ્યવસાયે વૈદ્ય હતા એટલે વારસામાં વૈદકના સંસ્કાર એમને મળ્યા છે. વૈદ્ય પિતાએ પુત્રને દોઢ-બે વર્ષની ઉંમરે સેડલાથી પાટડીમાં પોતાના વૈદ્યકીય ધંધા માટે સ્થળાંતર કર્યું. લાભશંકર ઠાકરે પાટડીમાં પ્રાથમિક શિક્ષણ મેળવી ધોરણ આઠ સુધીનો અભ્યાસ કર્યો. પાટડીમાં તે સમયે માધ્યમિક શિક્ષણની અને ઉચ્ચ અભ્યાસની સુવિધા નહોતી. પરિણામે ધોરણ આઠથી આગળનો શાળાકક્ષાનો અને કોલેજ તથા યુનિવર્સિટી કક્ષાનો ઉચ્ચ અભ્યાસ અમદાવાદમાં સ્થિર થઈને કર્યો છે. ઈ.સ.૧૯૫૯માં ગુજરાતી મુખ્ય અને સંસ્કૃત ગૌણ વિષય સાથે એમ.એ. પાસ કર્યું. ત્યારબાદ ૧૯૬૪માં ડી.એસ.એ.સી.ની પદવી મેળવી વ્યાવસાયિક જીવનની કારકિર્દીની શરૂઆતના સાતેક વર્ષ અમદાવાદની કોલેજોમાં ગુજરાતીનું અધ્યાપન કાર્ય કરાવ્યું. સાથે-સાથે આયુર્વેદ ચિકિત્સાનો વ્યવસાય પણ ચાલુ રાખ્યો અને 'પુનર્વસુ' ના ઉપનામે અનેક વર્તમાનપત્રો - સામયિકોમાં આયુર્વેદ વિષયક લખાણો તેઓ આપતા રહે છે.

આ રીતે કાયચિકિત્સા અને કાવ્યચિકિત્સા બંને પ્રિય  છે એવા લાભશંકર ઠાકરને કુટુંબમાંથી સાહિત્યના સંસ્કારો ગળથૂથીમાં મળ્યા છે. પિતા જાદવજીને નાટકો જોવાનો ખૂબ જ શોખ હતો. લાભશંકર પણ ખૂબ જ નાટકોના શોખીન હતા. તેથી લાભશંકર નાના હતા ત્યારથી પિતા જાદવજી સાથે નાટકો જોવા જતા. વળી દેશી નાટક કંપનીના નાટકો ભજવાતા પણ હતા. પરિણામે નાટક રંગભૂમિનો એમને છેક નાનપણથી પરિચય હતો. બીજી બાજુ માતા પ્રભાવતીનો કંઠ ખૂબ જ મધુર હતો અને ગીતો ભજનો ગાવાનો એમને શોખ હતો. લાભશંકર નાના હતા ત્યારથી માતાના કંઠમાંથી નીકળતા આ લોકાલયોના મધુને એમના મને સંચિત કર્યું હતું.  જેનો પ્રભાવ એમને કવિતાના લયમાં ખૂબ જ મદદરૂપ બન્યો છે.

લાભશંકર ઠાકરને કુટુંબ પરંપરામાંથી કાવ્યસાહિત્યના જે સંસ્કારો મળ્યા તે શાળા-મહાશાળાના અધ્યયન દરમિયાન વાંચનથી પ્રાપ્ત થતા ગયા. તેઓ નવમા ધોરણમાં ભણતા હતા ત્યારે તેમનું પ્રથમ કાવ્ય ‘રમકડું’ માં પ્રસિદ્ધ થયું. ને તેનો પુરસ્કાર મળ્યો. તેમાંથી તેમણે ઉમાશંકર જોશીનો ‘નિશીથ’ કાવ્યસંગ્રહ ખરીદ્યો હતો. તેમનો કવિપિંડ ‘કુમાર’ , ‘કૌમુદી’ વગેરે સામયિકો તથા સુન્દરમ્ - ઉમાશંકર - રાજેન્દ્ર શાહ - નિરંજન ભગત - ઉશનસ્ - જયંત પાઠક - મકરંદ દવે - પ્રજારામ રાવળ વગેરેના કાવ્યોના વાંચન - પઠન દ્વારા પોષાતો રહ્યો. તેમણે રવીન્દ્રનાથ ટાગોરથી માંડીને ભારતીય સાહિત્યના વિવિધ કવિઓની કવિતાનું આકલન કર્યું છે. વાર્તા-નવલકથાક્ષેત્રે પન્નાલાલ પટેલ, ચૅખોવ તેમના આકર્ષણનું કેન્દ્ર રહ્યા છે. પાશ્ચાત્ય સર્જકોમૉ બેકેટ, આયનેસ્કો અને પિન્ટર ટેન્કીનાં નાટકો તેમને પ્રિય રહ્યા છે. આ પરિચયથી અનેક નાટયકૃતિઓનું સર્જન પણ કર્યું છે. ‘આકંઠ સાબરમતી’ નાટ્યલેખનના વર્કશોપમાં પણ તેમણે સક્રિય રસ દાખવ્યો હતો. વળી ‘રેખા’ ની સ્થાપના કરી પરંપરા સામે વિચ્છેદ તરફ રસ દાખવ્યો હતો. ‘ઉન્મૂલન’ અને ‘કૃતિ’ જેવા સામયિકોનું તંત્રીપદ પણ કુશળતાથી સંભાળ્યું હતું.

સર્જક તરીકે અને વ્યક્તિ તરીકે લાભશંકરનું વ્યક્તિત્વ વિવાદાસ્પદ રહ્યું છે. એમને વિવેચન પ્રવૃત્તિ પ્રત્યે અણગમો રહ્યો છે. તેઓ આ સંદર્ભે કહે છે કે, ‘‘વિવેચન એ મુર્ખતાભરી પ્રવૃત્તિ છે પણ એવી પ્રવૃત્તિ ક્યારેક હું પણ કરું છું. એનો અર્થ એ નથી કે વિવેચન મર્યાદાની મને ખબર નથી’’ મુંબઈમાં ‘કવિલોક’ તરફથી અંધેરી ખાતે રહેલું કાવ્યસત્ર યોજાયું ત્યારે જાહેરમાં એમણે આવો મત

પહેલીવાર ઉચ્ચાર્યો હતો. અને તેથી ત્યારે ઉહાપોહ પણ થયો હતો. એ ઉહાપોહના સંદર્ભમાં જ 'કવિતા' અને 'વિવેચન' એ લઘુ લેખ જે જુલાઈ-૬૩ના 'ક્ષિતિજ' માં પ્રગટ થયો હતો. મુંબઈની ગુજરાત સમાચારની આવૃત્તિમાં 'કાવ્યનો સ્પર્શ' વિભાગનો ઘણા સમય સુધી કાવ્યનો આસ્વાદ કરાવનાર લાભશંકરે કપરા વિવેચનની પ્રવૃત્તિને કાવ્યોત્તર લેખી છે પણ કાવ્યના આસ્વાદ સંદર્ભે 'પોઝીટીવ' (positive) વલણ દાખવતાં તેઓ લખે છે. ''કાવ્યકૃતિ વાંચી એથી ઉદ્દીપ્ત થઈ કોઈ સર્જક કશું નિર્માણ કરે એ નિર્માણ આસ્વાદ્ય હોઈ શકે, કેમ કે આવા લખાણમાં લેખકનો ઊર્મિજગતનો નકશો હોય છે.'' વળી તેઓ પણ કહે છે કે ''કોઈ આયુર્વેદ વિશે લેખો લખે એ બન્ને સમાન રીતે કાવ્યોત્તર પ્રવૃત્તિ છે.''[૧]

જીવનની અને સર્જનની અનેક પ્રવૃત્તિઓમાં સંકળાયેલ હોવા છતાં સતત બદલાતા લાભશંકરે એમાંનું તળપદાપણું અકબંધ સાચવ્યું છે. પોતાની અંદર રહેલા ''નદી પટે વૃક્ષ નીચે ઉભેલા કુમારને'' તેઓ આજ સુધી અળગો કરી શક્યા નથી. ઘણું-ખરું મધુરભાષી 'ટેબલ ટોક' માં વારંવાર ખડખડ હસાવતા વ્યવહાર વિશારદ અને તર્કસંગી લાભશંકરનું વ્યક્તિત્ત્વ શ્રી ચિનુ મોદી કહે છે તેમ ''ઉહાપોહ જગાડનારું બની રહ્યું છે. પ્રતિષ્ઠિત વૈદ્ય, કીર્તિપ્રાપ્ત સિદ્ધ કવિ, ગુજરાતીનું અધ્યાયન કરાવી મૂકેલો લાભશંકર પોતાની આગળ લાગતા આ સહુ વિશેષણોનો એક ઝાટકે છેદ ઉડાડી મૂકતા જણાય છે. મુરબ્બી પણ મર્યાદા ઓળંગે તો એમને પણ સ્પષ્ટતાથી જે કંઈ કહેવા પ્રાપ્ત થાય તે, ક્યારેક તો વાગે એ રીતે કહી દેતા કાને પડી જાય છે. લાભશંકરનું આ તળપદાપણુ જ શ્રી ચિનુ મોદીને એમના વ્યક્તિત્ત્વનું અત્યંત સબળ અને સાચકલું પાસુ લાગ્યું છે.''[૨]

શ્રી લાભશંકર ઠાકરના વ્યક્તિત્ત્વનું બીજું એક પાસું એ પણ છે કે ભાવવિવશ થઈ પોતાના અતરંગ મિત્રો પાસે પ્રગટ થવાનું લાભશંકરના વ્યક્તિત્ત્વમાં નથી. લાભશંકર પોતાની આસપાસ એવા દુર્ગમાંથી ભાગ્યે જ બહાર આવે છે. પોતે રચેલા દુર્ગની દીવાલોમાં એમને સલામતી જણાય છે. પણ એ સલામતીએ આપેલી એકાંતનો ભરી ભીડમાંય એકલપણાનો એમનો અનુભવ તીવ્ર સંવેદન જગાડનારો બની રહે છે. એમની કેટલીક રચનાઓમાં એ હલબલાવી નાખે એવી રીતે વ્યક્ત પણ થાય છે.

ટૂંકમાં, અત્યંત ચર્ચાસ્પદ વ્યક્તિત્ત્વ ધરાવતા લાભશંકર અલબત અટપટા નથી. અત્યંત ઘનિષ્ટ સંબંધ ધરાવતી વ્યક્તિ જોડે તેમનું તળપદાપણું જ્યારે પણ પ્રગટ થયું છે. ત્યારે સામેની વ્યક્તિના વ્યવહારમાં કશુંક એવું તત્ત્વ પ્રવેશે છે જે અસહ્ય હોય છે. લક્ષ્મણ રેખાને ભૂંસવાની સામેની વ્યક્તિને ચેષ્ટા માત્ર તેમને દુર્વાસા બનાવી શકે છે.

## લાભશંકર ઠાકરનાં ઘડતર પરિબળો :

શ્રી લાભશંકર ઠાકર એ નવીન કવિઓમાં આગવી ભાત પાડતા ગુજરાતી સાહિત્યની કવિતાક્ષેત્રે વિશિષ્ટ પ્રતિભા છે. કોઈપણ સર્જકના સર્જક તરીકેના ઘડતર વિકાસમાં એનો સમય એનામાં રહેલી જન્મજાત શક્તિ ઉપરાંત કૌટુંબિક વાતાવરણ, સાહિત્યિક વાંચનનો પ્રભાવ અને અન્ય પરિબળો મહત્ત્વનો ભાગ ભજવતા હોય છે.

## જન્મજાત સર્જન શક્તિનો પ્રભાવ :

કોઈપણ સર્જકને સર્જકત્ત્વ બક્ષનારું પાયાનું તત્ત્વ તે સર્જકમાં પડેલી જન્મજાત શક્તિ છે. તેથી જ કહેવાયું છે કે 'કવિઓ જન્મે છે બનતા નથી' તે રીતે તેની પ્રતિભા જન્મજાત હોય છે.

તેમને બાળપણથી જ વાર્તા સાંભળવાનો શોખ હતો. બધાં બાળકોની જેમ તેમને વાર્તાઓમાં ખૂબજ રસ પડતો. આથી તેવો કવિતા, વાર્તા, નાટક વાંચતા થયા એટલે વાંચવાનો રસ શરૂ થયો. પિતાજીએ આયુર્વેદ પર પચીસેક ગ્રંથો લખ્યા છે. તેમના પિતાજી વાર્તાઓ પણ લખતા અને કાવ્ય પણ લખતા આથી તેમના સાહિત્ય સર્જનના સંસ્કાર લાભશંકર ઠાકર ઉપર ઊતર્યા છે. તેવું આપણે તેમના વિશાળ સાહિત્ય સર્જન પરથી કહી શકીએ આજ તેમના જન્મજાત સર્જન શક્તિના સંસ્કારો છે.

## કૌટુંબિક વાતાવરણનો પ્રભાવ :-

કૌટુંબિક વાતાવરણ તેના સંસ્કાર વગેરે પણ લાભશંકર ઠાકરના સર્જનને ઘડનારા પરિબળ બની રહે છે.

આપણે અગાઉ જોયું તે પ્રમાણે માતા-પિતાનો પ્રભાવ બાળપણથી જ ઝીલ્યો

છે. માતા પ્રભાવતીના ગીતના લયમાંથી લયની સૂઝ અને લેખન પ્રિય પિતા પાસેથી પ્રેરણા એમને વારસામાં મળ્યાં છે. તેથી જ તેઓ કહે છે કે "મારી શબ્દચેતના, લયચેતના, કાવ્યચેતના પણ માની દેણગી છે."[૩] લાભશંકર નાના હતા ત્યારથી જ પિતા જાદવજી સાથે નાટકો જોવા જતાં એમનાં પિતાને નાટકોનો જબરો શોખ હતો. આથી લાભશંકરે પણ ભરપૂર નાટક જોયા તેથી જ તેઓની નાટક વિશેની દૃષ્ટિ વ્યાપક બની અને સમય જતાં નાટક અને રંગભૂમિનો સાક્ષાત્ પરિચય ધરાવનાર લાભશંકર ઉત્તમ નાટયલેખક અને નાટ્યસર્જક બની શક્યા તે ઉપરાંત 'આકંઠ સાબરમતી' નામની નાટ્ય લેખનના વર્કશોપમાં પણ તેમણે સક્રિય રસ લીધો હતો. વળી 'રેમઠ' નામની નાટ્ય પરંપરાની ઉચ્છેદક સંસ્થામાં પણ તેઓ સંકળાયેલા હતા. પાશ્ચાત્ય નાટ્ય સર્જકોમાં બેકેટ અને પિન્ટર ટૅન્કીના નાટકો તેમને પ્રિય હતા તેની અસર પણ તેમના નાટ્ય લેખન ઉપર ઠીકઠીક પ્રમાણમાં થઈ છે.

## ગ્રામ્ય પરિવેશનો પ્રભાવ :-

બાળપણમાં માણેલું ગામડાનું જીવન, પ્રકૃતિની સુંદરતા એમના કિશોરને સતત જીવંત રાખે છે. તેથી જ વર્તમાનની કટુતા તરફ તેમને આક્રોશ સવિશેષપણે જોવા મળે છે. આ સંદર્ભમાં  ચિનુ મોદી કહે છે કે, "આમ સતત બદલાતા લાભશંકરે એમનું તળપદાપણું અકબંધ સાચવ્યું છે. એટલે કે નદી તટે વૃક્ષ નીચે ઊભેલા કુમારને લાભશંકર આજ સુધી અળગો કરી શક્યા નથી."[૪]

## નગર સંસ્કૃતિનો પ્રભાવ :-

બીજા વિશ્વયુદ્ધ પછી બદલાતી જતી સંસ્કૃતિએ અનેક પ્રશ્નો સર્જવા માંડ્યા જાપાન ઉપર અણુબોમ્બ ફેંકવાની ઘટના તો સમગ્ર વિશ્વને પાયામાંથી હચમચાવી નાખે છે. નગરસંસ્કૃતિનું પત્રમાં પરિવર્તન થતું જતું હતું.  માનવ આ ધડાકાથી ધ્રુજી ઊઠ્યો વિદ્રોહનો એક અવાજ ઊભો કરવામાં આ ઘટના કારણભૂત બની જડ થતી જતી સંસ્કૃતિમાં માનવ-માનવ વચ્ચેના સંબંધ આશંકાયુકત બની ગયા. મૂલ્યોની ભ્રામકતા ઉઘાડી પડી તેવી ગાંધીયુગની કાવ્યવિભાવના બદલાઈ.  સામાજિક મટી આંતરિક મૂલ્યોનો મહિમા વધ્યો. મનુષ્યના આંતરજગતની વિટંબણાઓ, તેની વિષમતા બધાની અસર લાભશંકર ઠાકરના ઘડતરમાં અગત્યનો ભાગ ભજવી ગઈ.

### સાહિત્યિક વાંચનનો પ્રભાવ :-

લાભશંકર ઠાકર પૂર્વ અને પશ્ચિમ સાહિત્યના ઊંડા અભ્યાસુ છે. વાંચવાનો શોખ નાનપણથી જ કેળવાયેલો ઉમાશંકરથી મકરંદ દવે અને સિતાશું યશ્ચંદ્ર સુધીના કવિઓની રચનાઓએ તેમને પ્રભાવિત કર્યા. નવલકથા ક્ષેત્રે પન્નાલાલ અને ચેખોવ તેમના આકર્ષણનું કેન્દ્ર રહ્યા તો નાટ્યક્ષેત્રે બેકેટ અને પિન્ટર ટેન્કોના નાટકો એમને પ્રિય હતા. આમ ગુજરાતી-અંગ્રેજી-સંસ્કૃત સાહિત્યના ઊંડા અભ્યાસી હતા. તેથી તે સાહિત્યનો પ્રભાવ પણ તેમના સર્જક માનસને ઘડવાનું કામ કરે છે.

### સાહિત્યિક સર્જક સંપર્કનો પ્રભાવ :-

લાભશંકર ઠાકરે બહુ લાંબા સમય માટે નહીં છતાં સાતેક વર્ષ સુધી અમદાવાદમાં ગુજરાતીના અધ્યાપક તરીકે સેવાઓ આપી હતી. આ સમયગાળા દરમિયાન સાહિત્યનો ઊંડો અભ્યાસ તેમણે કર્યો હતો. સાથે સાથે આ સમયગાળા દરમિયાન ચિનુ મોદી, ચંદ્રકાન્ત શેઠ જેવા સર્જક મિત્રોનો સંપર્ક વગેરે પણ એમનાં સર્જક વ્યક્તિત્ત્વને ઘાટ આપવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે.

### સર્જન બદલ મળેલ પુરસ્કારો :-

લાભશંકર ઠાકરને ‘કુમાર’ સામયિકમાં કવિતા દ્વારા પ્રદાન કરવા માટે ૧૯૬૨ નો ‘કુમાર’ ચંદ્રક પ્રાપ્ત થયો. ‘મરી જવાની મઝા’ને ૧૯૭૨માં બટુકભાઈ ઉમરવાડિયા પારિતોષિક, ‘પીળું ગુલાબ અને હું’ ને ૧૯૮૪માં મહેન્દ્ર ભગત પારિતોષિક, ૧૯૮૨-૮૬નાં ગાળામાં શ્રેષ્ઠ નાટ્યગ્રંથ તરીકે ‘પીળું ગુલાબ અને હું’ ને માટે નર્મદ સુવર્ણચંદ્રક, ગુજરાતી સાહિત્ય અકાદમીના કેટલાક પારિતોષિકો (‘લઘરો’ને ૧૯૮૭ માં પ્રથમ, ‘ક્ષણ તત્ક્ષણ’ને ૧૯૮૯માં પ્રથમ) મળ્યાં છે. ‘મારી બા’ ને ૧૯૮૯ માં કાકા સાહેબ કાલેલકર પારિતોષિક પ્રાપ્ત થયેલ.

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ‘આયુર્વેદની અમૃતધારા’ને ૧૯૯૦ માં બી.એન.માંકડ પારિતોષિક પ્રાપ્ત થયેલ. ૧૯૮૯માં ‘કાલગ્રંથિ’ને માટે જયંત પાઠક પારિતોષિક, ‘ટોળાં અવાજ ઘોંઘાટ’ ને માટે સાહિત્ય અકાદમી દિલ્હીનો ૧૯૯૧નો પુરસ્કાર તથા ‘કાહે કોયલ શોર મચાવે રે’ માટે ૧૯૯૩માં ચંદ્રવદન ચી. મહેતા નાટ્ય પારિતોષિક તેમને એનાયત થયો છે. તેમને ૧૯૮૧માં આપવામાં

ધારેલો શ્રી રણજીતરામ સુવર્ણચંદ્રક મોડે મોડે તેમણે ૧૯૯૪માં સ્વીકારેલો. 'કિચૂડ કિચૂડ' કાવ્યને ૧૯૯૮માં. 'લાઠા દાદા આવે છે, નવી વારતા લાવે છે - ભાગ-૧ થી ૧૩' ને ૧૯૯૯માં પારિતોષિક તેમને ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા ૨૦૦૨ માં સાહિત્ય ગૌરવ પુરસ્કાર મળેલો.

લાભશંકર ઠાકરનું વ્યક્તિત્ત્વ ઉહાપોહ જગાડનારું છે. તેમનું તળપદાપણું અને સાચકલાપણાએ તેમના સર્જનમાં બળકટતા આણી છે. લાભશંકર ઠાકરની નિખાલસતાએ એમના સર્જનને એક આગવો ઘાટ આપ્યો છે.

લાભશંકર ઠાકરનું વ્યક્તિત્ત્વ ભરી ભીડમાં એકાંતનો અનુભવ કરનારું છે. ભાવવિવશ થઈ પોતાની જાતને પ્રગટ કરતા નથી. તેમનો અનુભવ સંવેદન જગાવનારો હોય છે. એમની કેટલીક રચનાઓમાં હલબલાવી નાખે એવું સંવેદન જોવા મળે છે.

## લાભશંકર ઠાકરનું સાહિત્યસર્જન :-

લાભશંકર ઠાકરનું વિશાળ સાહિત્ય સર્જન જોતાં એવું ફલિત થાય છે કે તેમની સર્જનપ્રતિભા ખીલી ઊઠી છે. લાભશંકર ઠાકરે ગુજરાતી સાહિત્યમાં કવિતા, નાટકો, એકાંકી, નવલકથાઓ, નિબંધો, બાળસાહિત્ય, ચરિત્રો, વિવેચનગ્રંથો, સંપાદનો આમ વિવિધ ક્ષેત્રે પોતાની સાહિત્ય સેવા આપી છે.

## (૧) કવિ લાભશંકર ઠાકર :-

લાભશંકર ઠાકરનું કવિતાક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન રહ્યું છે. તેમણે આજ સુધીમાં એકવીસ કાવ્યસંગ્રહો આપ્યા છે જેમાં....

(૧) વહી જતી પાછળ રમ્યઘોષા(૧૯૬૫)

(૨) માણસની વાત(૧૯૬૮)

(૩) મારા નામને દરવાજે(૧૯૭૨)

(૪) બૂમ કાગળમાં કોરા(૧૯૭૪)

(૫) પ્રવાહણ(૧૯૮૬)

(૬) લઘરો(૧૯૮૭)

(૭) કાલગ્રંથિ(૧૯૮૯)

(૮) ટોળાં અવાજ ઘોંઘાટ(૧૯૯૦)

(૯) કલ્પાયન(૧૯૯૮)

(૧૦) કિચૂડ કિચૂડ(૧૯૯૯)

(૧૧) સમય સમય(૨૦૦૦)

(૧૨) હથિયાર વગરનો ઘા(૨૦૦૦)

(૧૩) ટેવ(૨૦૦૧)

(૧૪) છે(૨૦૦૨)

(૧૫) છે પ્રતીક્ષા(૨૦૦૨)

(૧૬) આઈ ડૉન્ટ નો સર(૨૦૦૨)

(૧૭) રમત!(૨૦૦૩)

(૧૮) મેં કમિટ કર્યું છે શું ?(૨૦૦૪)

(૧૯) આવ(૨૦૦૪)

(૨૦) કથકનો ક(૨૦૦૭)

(૨૧) કેમેરા ઑન છે.(૨૦૦૯)

(૨૨) ઈન અને આઉટ(પ્રકાશનમાં)

પ્રતિભાસંપન્ન સર્જક લાભશંકર ઠાકરે ગુજરાતી સાહિત્યમાં કાવ્ય, નવલકથા, નિબંધ અને નાટકના ક્ષેત્રમાં ખેડાણ કરીને પોતાનું આગવું વ્યક્તિત્ત્વ કંડાર્યું છે. કવિતાક્ષેત્રે તેમણે અર્પણ કરેલા ૨૨ કાવ્યસંગ્રહોમાં તેમની કવિપ્રતિભા સુપેરે ખિલેલી જોઈ શકાય છે. તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'વહી જતી પાછળ રમ્યઘોષા' ૧૯૬૫માં પ્રકાશિત થયો. છેલ્લો સંગ્રહ 'ઈન અને આઉટ' પ્રકાશિત થવામાં છે. તે પછીની

રચનાઓ કાવ્યપોથીમાં સતાધિક પડી છે. જે યથામન, સર્જક ચેતના-ના સ્વીકૃત ઘાટઘટન સાથે સામયિકોમાં પ્રગટતી રહે છે.

૧૯૬૫માં તેમના પ્રથમ કાવ્યસંગ્રહ 'વહી જતી પાછળ રમ્યઘોષા' દ્વારા તેઓ સુકવિ તરીકે પ્રતિષ્ઠિત થયા. એ સંગ્રહની કવિતામાં પરંપરા સાથેના સાતત્ય ભાવમાં સર્જક કવિની આગવી કવિત્ત્વ મુદ્દા સબળ રીતે અંક્તિ થાય છે. 'મારા નામને દરવાજે' માનું 'લઘરો' કાવ્યજૂથ ભાષાસામર્થ્ય વિશે શ્રદ્ધા ગુમાવતા કવિની, હાસ્યકટાક્ષનો આશ્રય લઈ કરેલી વિડંબણાથી ધ્યાનપાત્ર બન્યું છે. આ ઉપરાંત 'ટોળાં, અવાજ, ઘોઘાંટ', 'લઘરો (૧૯૮૭)', 'કીચૂડ-કીચૂડ' (૧૯૯૯), 'સમય-સમય'(૨૦૦૦), 'હથિયાર વગરનો ઘા'(૨૦૦૦), 'કેમરા ઑન છે'(૨૦૦૯) વગેરે કાવ્યસંગ્રહો પણ મળે છે. 'પ્રવાહણ' (૧૯૮૬) એ દીર્ઘ કાવ્યકૃતિમાં મળાત્સર્ગની જુગુપ્સા પ્રેરક અને ગુહ્યપ્રક્રિયાની સહોપરિસ્થિતિમાં કાવ્યોત્સર્ગની ક્રિયાને મૂકી સર્જનની પ્રવૃત્તિની વિંડબના-વેદનાને કવિએ સબળ અભિવ્યક્તિ આપી છે. પ્રશિષ્ટ કાવ્ય પરંપરાના સમ્યગ્ આકલન સાથે, કાવ્યપદાર્થની ઊંડી સમજ તથા અપૂર્વ કવિકર્મ માટેની સુક્ષ્મ સાહસસૂઝ સાથે તેઓ કવિતાક્ષેત્રે પ્રવેશે છે. અને ખૂબ જ ટૂંકા ગાળામાં તેમણે સર્જનચેતનાને કુંઠિત કરનારા ચીલાઓ અને વળગણો ફગાવી દઈ પોતાની રીતે બિન્ધાસ્તપણે આગળ વધવાનું પસંદ કર્યું.

લાભશંકરની કવિતાને બધી બાજુના પવનનો લાભ મળ્યો છે. એમાં ભારતીય તેમ પાશ્ચાત્ય સર્જકતાની, વાગ્શક્તિને પોષતાને ખીલવતા સંસ્કાર - સંસ્કૃતિના અવનવા સંચારોની પ્રશિષ્ટ તેમ લોક-કલા-સાહિત્યની અવનવીન તરેહોની અનેક રીતે અનેક રૂપે રંગછટાઓ તેમણે દાખવી છે. ને એમ કરતાં સતત ખેવના ને ખટાપટી તો પોતાની આંતરખોજની જ રહી છે. એમને એમની ખોજનું ખાજું મળ્યું નથી પણ ખોજની મથામણના કારણે એમની કવિતાનું રળતર ને વળતર ઝાઝું છે તે નિશ્ચિત.

આમ, પોતાના આગવા કવિમિજાજનો પરિચય આપતી રચનાઓ દ્વારા લાભશંકર ઠાકરે પોતાનું માનવંતુ સ્થાન અને માન પ્રાપ્ત કરી લીધું છે. કવિતાઓ દ્વારા લાભશંકર એક આગવી કવિત્વમુદ્રા દાખવે છે. તેથી જ તે સુકવિ તરીકે પ્રતિષ્ઠા અને પ્રસિદ્ધી પામ્યા છે.

## (૨) નાટ્યકાર અને એકાંકીકાર લાભશંકર ઠાકર :-

લાભશંકર ઠાકર ચાર નાટક અને ચાર એકાંકી સંગ્રહો સાથે એક સફળ નાટ્યકાર અને એકાંકીકાર તરીકે પ્રસિદ્ધ પામ્યા છે. તેમના નાટકોમાં

(૧) એક ઉંદર અને જદુનાથ (સુભાષશાહ સાથે)(૧૯૬૫)

(૨) પીળું ગુલાબ અને હું(૧૯૮૫)

(૩) કાહે કોયલ શોર મચાવે રે(૧૯૯૩)

(૪) મનસુખલાલ મજીઠિયા(૧૯૯૩)

અને એકાંકી સંગ્રહો

(૧) મરી જવાની મજા(૧૯૭૩)

(૨) બાથટબમાં માછલી(૧૯૮૨)

(૩) સ્વપ્નાક્ષરી(૨૦૦૩)

(૪) મકસદ(૨૦૦૬)

'રેમઠ' ના પ્રકાશનથી માંડીની 'આકંઠ સાબરમતી' નાટયવર્કશોપના પ્રયોગો અને પ્રકાશન પ્રવૃત્તિના સુત્રધાર તથા આધુનિક નાટ્યપ્રવાહને સૌપ્રથમ ગુજરાતી ભાષામાં અવતારવાના ખરા યશભાગી એવા લાભશંકર ઠાકર સાચા અર્થમાં આધુનિક નાટ્યકારોના 'નાટ્યગુરૂ' છે. સાહિત્યના એકાધિક સ્વરૂપોમાં પ્રદાન કરનાર લાભશંકર ઠાકરનું નાટય સાહિત્ય રસવતા અને મંચન ક્ષમતા ઊભયની રીત ધ્યાનાકર્ષક બને તેવું છે.

લાભશંકર ઠાકરની નાટયપ્રવૃત્તિનાં મંડાણ 'રેમઠ' થી થાય છે. 'આકંઠ સાબરમતી'ની નાટયવર્કશોપ અને તેના સર્જકો દ્વારા વિશિષ્ટ રીતે રચાતાં - ભજવાતાં એકાંકીઓની લીલાનાટ્ય પ્રવૃત્તિએ નાટ્યકાર લા.ઠા.ને ભરપૂર ખીલવ્યાં છે. રંગભૂમિની અભિજ્ઞતા તેમાંથી જ પ્રગટી છે. 'બાથટબમાં માછલી'નાં એકાંકીઓ તેના ઉત્તમ દ્દષ્ટાંત છે. લાભશંકરનું નાટ્યસર્જન પ્રથમ એકાંકી અને ત્યારપછી દીર્ઘનાટક રૂપે મળે છે. તેમનાં ત્રણેય ફૂલલેન્થ નાટકો પ્રથમ ૩૦-૪૦ મિનિટ

ભજવાઈ શકે. તેવા નાટ્યવસ્તુની ખિલવણીમાંથી સાંપડ્યા છે. દીર્ઘનાટ્યકાર તરીકેનો પ્રારંભ લા.ઠા.ના 'પીળું ગુલાબ' થી થાય છે. લાભશંકરના 'પીળું ગુલાબ અને હું.', 'કાહે કોયલ શોર મચાવે રે', અને 'મનસુખલાલ મજીઠિયા'- આ ત્રણેય નાટકો પ્રથમ લીલાં નાટક તરીકે એકાધિક વખત ભજવાયા પછી જ સ્ક્રિપ્ટ રૂપે પ્રાપ્ત થયાં છે.

લાભશંકર ઠાકરના પ્રારંભિક નાટયસર્જનમાં કેટલીક કલ્પનાઓ, કેટલાંક રૂપકો, કેટલીક ભાવરીતિઓ એક સરખા જણાય છે. જેમ કે પ્રારંભિક દશ્યોમાં અનેક એકાંકીઓમાં તેઓ ચીસ લાવ્યાં છે, ખૂબ લાવ્યા છે. મૃત્યુનો ભય, એમના પાત્રો સમા અનુભવો જોડકણાની ઢબછબ નહિ છોડીને એમણે નવીન રજૂઆત પણ સિદ્ધ કરી આપી છે. પદ્યસંવાદો, ટૂંકા વાકયો, સુત્રાત્મકતા વગેરે એમનાં નાટકોમાં સુપરે સિદ્ધ થાય છે. સંવાદનો તેમ આંતરક્રિયાનો સુમેળ એમણે સાધ્યો છે. કુદરતી જીવન પ્રત્યે એમનામાં જે ઊંડો લગાવ અને રજૂ કરવા માટેની નિસબત એમનામાં છે. તે આ એકાંકીઓમાં દેખાય છે. સાથે-સાથે એમાં લાભશંકરનો ચહેરો પણ સમાંતર ઊપસતો આવે છે. એમના 'કાદવ-કીચડ', 'મરી જવાની મઝા', 'વૃક્ષ' વગેરે એકાંકીઓ રચનારીતિ પરની તાજી કલ્પનાશીલતા પરની હળવી ફૂલ રજૂઆત કલાને કારણે યાદ રહી જાય તેવાં બન્યા છે.

## (૩) નવલકથાકાર લાભશંકર ઠાકર :-

નવલકથાકાર તરીકે બહુ પ્રસિદ્ધ થયા નથી. તેમ છતાં

(૧) અકસ્માત્ (૧૯૬૮)

(૨) કોણ? (૧૯૯૩)

(૩) હાસ્યાસન(૧૯૯૩)

(૪) ચંપક ચાલીસા(૧૯૯૩)

(૫) અનાપ-સનાપ(૧૯૯૫)

(૬) પીવરી (૧૯૯૫)

(૭) લીલાસાગર ભાગ-૧, ૨(૨૦૦૧)

(૮) બકો છે, કલ્પો(૨૦૦૪)

(૯) ધરા(૨૦૦૫)

(૧૦) કદી નહિ છોડું(૨૦૦૫)

(૧૧) ધ સ્કાય બ્લૂ(૨૦૦૬)

(૧૨) મારો ડ્રાઈવર!(૨૦૦૭)

(૧૩) કૂહુ...કૂહુ.. બોલે કોયલિયા(૨૦૦૮)

(૧૪) વધાવો, સંત બસંત આવ્યો(૨૦૦૯)

(૧૫) માય મોસ્ટ ડિયર લૂલૂ!(૨૦૧૦)

વગેરે જેવી નવલકથાઓ આપી છે.

લાભશંકર ઠાકર એ સાચા શબ્દની સતત શોધ કરતા સર્જક છે. પોતાના સંવેદનને એ વિવિધ ભાવો અને લયની લઢણોમાં વ્યકત કરતા રહ્યાં છે. આ શોધ જ એમના સર્જનનું કેન્દ્રબિંદુ છે. એમણે કવિતા, નાટકો અને નવલકથાઓ આપી છે.

તેમની પ્રથમ નવલકથા 'અકસ્માત' પ્રણયકથા હતી પછી તે જ વર્ષમાં આવેલી 'કોણ?' સંબંધોથી નિર્ભ્રન્તિ થઈ ચીલાચાલુ જિંદગી છોડી નાઠેલાં યુવાનની પ્રશ્ન ભાવમુદ્રા આત્મકુતૂહલમાં વ્યકત કરતી મેટાફિઝિકલ નવલ હતી. 'હાસ્યાસન' અને 'ચંપકચાલીસા' લેખકને પ્રિય એના હાસ્યરસથી પ્લાવિત નવલકૃતિઓ છે. 'અનાપ સનાપ' એના અભિધાન પ્રમાણેની વાણી, ક્રિયા અને ગતિને વિસંગતિસભર હળવાશથી આલેખતી નવલકથા છે. નાયિકા વારાંગનાના નભ સાથે સંકળાયેલી કથાલેખકની નિષેધભંજક અને ઉન્મુકત યૌવનાનુભવનો પૂરો અવકાશ આપવા મથતી ચેતનાનું ચમકતું, ચમકાવતું ઉદાહરણ છે. આમ, લાભશંકર ઠાકરે નવલકથાક્ષેત્રે પણ પોતાનો નોંધપાત્ર ફાળો ગુજરાતી સાહિત્યમાં આપ્યો છે.

## (૪) નિબંધકાર લાભશંકર ઠાકર :-

લાભશંકર ઠાકરના નિબંધ સંગ્રહોમાં નીચે પ્રમાણેના નિબંધોનો સમાવેશ થાય છે.

(૧) એક મિનિટ (૧૯૮૬, ૧૯૯૯)

(૨) ક્ષણ-તત્ક્ષણ(૧૯૮૬, ૧૯૮૯)

(૩) સૂરજ ઊગ્યો કેવડિયાની ફણસે(૧૯૯૩)

(૪) કાગળની પૂંછડી (૧૯૯૭)

(૫) ઝાકળનો ઝ (૧૯૯૭)

(૬) થોડો અમસ્તો તડકો (૧૯૯૯)

(૭) ઢોળી ગયા જે... તડકો (૨૦૦૦)

(૮) વિનિમયવૃક્ષ (૨૦૦૧)

(૯) હમારી સલામ (૨૦૦૩)

(૧૦) અહો ઝંકારતા ધ્વનિ(૨૦૦૪)

(૧૧) નિસબત(૨૦૦૫)

(૧૨) મનજળ થંભ થયેલું (૨૦૦૫)

(૧૩) મૂંઝારો, ધ ઑરેન્જ અને (૨૦૦૬)

(૧૪) આ હોવાના સંદર્ભો... (૨૦૦૭)

(૧૫) સોનેરી ચુંબન(૨૦૦૮)

(૧૬) શ્રવણસંપદા(૨૦૧૦)

(૧૭) પ્રતિભાવવન હો!(૨૦૧૩)

(૧૮) ઓળખ આંતર ધનની(૨૦૧૩)

લાભશંકર ઠાકરની નિબંધયાત્રા ૧૯૮૬ માં ‘એક મિનિટ’ થી શરૂ થઈને ૨૦૧૩ માં ‘ઓળખ આંતર ધનની’ સુધી પહોંચી છવીસ વરસમાં અઢાર જેટલા સંગ્રહો પ્રસિદ્ધ થયા. ‘એક મિનિટ’ અને ‘ક્ષણ-તત્ક્ષણ’ની બીજી આવૃત્તિ પણ થઈ.

લાભશંકર ઠાકરની નિબંધોમાં માનવ પ્રત્યેની લાગણીના તંતુઓ આ ગદ્યપાત્રોમાં ગૂંથાયા છે. તેથી આ ગદ્ય હૃદયસ્પર્શી બન્યું છે. લાભશંકર ઠાકર એક પ્રતિભાશાળી નિબંધકાર છે. તેમના કેટલાક નિબંધો અભ્યાસ લેખો પણ છે. તેમણે ૧૮ જેટલા નિબંધ સંગ્રહો આપ્યા છે. જેમાંના કેટલાક કોઈને કોઈ દૈનિક કે સામયિકમાં કોલમરૂપે પ્રગટ થતા લેખોનો સંચય છે. લાભશંકરનાં ‘ઝાકળનો ઝ’ સંગ્રહમાંનો ‘ખૂંચમણી’ નિબંધ ખૂબ જ સુંદર છે. તે નિબંધોમાં લા.ઠા.નો કવિ જીવ પણ ડોકિયા કરતો હોય તેવું જણાય છે.

લાભશંકરના નિબંધોમાં મનુષ્ય, સર્જક અને ચિંતક આમ ત્રિવેણી સંગમ રચાય છે. તેમના ‘એક મિનિટ’ નિબંધ સંગ્રહ વિશે યશવંત શુકલ નોંધે છે. ‘‘એક મિનિટ ! ના નિબંધો ૧૦૦ મિનિટ વિચારવા પ્રેરે છે.’’ આજકાલ ભારે ભરખમ ચિંતનને નિબંધમાં ઠસોઠસ ભરી જે લખાણોનો ફાલ ઉતરી રહ્યો છે. તેની સાથે આ એક અલગ સૃષ્ટિ રચતા નિબંધો છે. એ રીતે નિબંધ સ્વરૂપમાં લાભશંકર ઠાકરનું અમૂલ્ય પ્રદાન છે.

## (૫) વિવેચક લાભશંકર ઠાકર :-

વિવેચન ક્ષેત્રે ખૂબ જ ઓછું સર્જન હોવા છતા ઉત્તમ પ્રકારના વિવેચન પુસ્તકો તેમની પાસેથી મળે છે. જેમાં,

(૧) ઈનર લાઈફ

(ચિનુ મોદી અને દિનેશ કોઠારી સાથે) (૧૯૬૫)

(૨) મળેલા જીવની સમીક્ષા

(ચિનુ મોદી અને મનહર મોદી સાથે) (૧૯૬૯)

લાભશંકર ઠાકરના ગદ્યસંચયોમાં કારયિત્રી પ્રતિભા સાથે ભાવયિત્રી પ્રતિભાના ઉન્મેષ દેખાય છે. એમની ભાવયિત્રી પ્રતિભાની પ્રસાદી રૂપે એમની

પાસેથી વિવેચનગ્રંથો મળ્યા છે. 'ઈનર લાઈફ' નામનું નાનું પણ નવીન વિવેચન દૃષ્ટિથી મનાયેલું નોંધપાત્ર પુસ્તક છે એવી જ રીતે 'મળેલા જીવ' નું પણ આસ્વાદ્ય વિવેચન આપ્યું છે.

## (૬) બાળસાહિત્ય સર્જક લાભશંકર ઠાકર :-

લાભશંકર ઠાકરનું બાળસાહિત્ય નીચે પ્રમાણે જોઈ શકાય છે જેમાં .....

**(૧) લાઠાદાદાની બાળવારતાઓ (પાંચ પુસ્તકનો સેટ)**

(૧) કાનખઉ રાક્ષસ (૧૯૯૪)

(૨) કાગડા અંકલ મમરાવાળા (૧૯૯૪)

(૩) મુંબઈની કીડી(૧૯૯૪)

(૪) તડકાનો પાપડ(૧૯૯૪)

(૫) નદી કાંઠે ડરાઉં ડરાઉં(૧૯૯૪)

**(૨) લાઠાદાદા આવે છે, નવી વારતા લાવે છે.**

(૧) ઢુમ ઢુમ સસલું(૧૯૯૯)

(૨) મ્યાઉં હાઉસ!(૧૯૯૯)

(૩) ઊડતી સાઈકલ(૧૯૯૯)

**(૩) લાભશંકર ઠાકરની મનપસંદ બાળવાર્તાઓ (૨૦૧૨)**

નવલકથાકાર-કવિ લાભશંકર ઠાકર રમ્ય કાવ્ય - નાટ્ય - નિબંધ - બાળવાર્તામાં સાક્ષાત્ જીવન આલેખે છે. 'મુંબઈની કીડી', 'કાગડા અંકલ મમરાવાળા', 'નદીકાંઠે ડરાઉં ડરાઉં', 'તડકાનો પાપડ', 'કાનખઉ રાક્ષસ' એ બાલકથા સંપૂટ દ્વારા બાલકથાક્ષેત્રે પણ ઉલ્લેખનીય સિદ્ધિ હાંસલ કરી છે. બાલકથા સર્જકના અધિકારમાં રમણીય પરચો બતાવ્યો છે. બાળકનો સ્વાભાવિક ચૈતસિક પ્રવાહ કોઈ રીતે વિક્ષિપ્ત કે અવરુ ન થાય એ પ્રકારનું બાલભોગ્ય વસ્તુકથન રીતિના તેઓ તરફદાર રહ્યા છે.

## (૭) સંપાદક લાભશંકર ઠાકર :-

લાભશંકર ઠાકરે કરેલા સંપાદનોમાં

(૧) સુદામાચરિત્ર (૧૯૯૧)

(૨) નળાખ્યાન(૧૯૯૩)

(૩) કુંવરબાઈનું મામેરું (૧૯૯૪)

લાભશંકર ઠાકર એ  નવલકથાકાર - કવિ નાટયકાર - નિબંધકારની સાથે-સાથે એક ઉત્તમ સંપાદક પણ છે. તેમના સંપાદનોમાં ઉપર મુજબના ત્રણ સંપાદનોનો સમાવેશ થાય છે.

પ્રેમાનંદના સાચા પ્રશંસક  લાભશંકર ઠાકરે પ્રસાદ બ્રહ્મભટ્ટ સાથે 'સુદામાચરિત્ર', 'નળાખ્યાન' અને 'કુંવરબાઈનું મામેરું' સંપાદિત ર્ક્યો અને પ્રસ્તાવના લેખ લખી પોતીકી દષ્ટિએ આસ્વાદ કરાવ્યો છે.

## (૮) ચરિત્રકાર લાભશંકર ઠાકર :-

લાભશંકર ઠાકરે બે જીવનચરિત્રો આવ્યા છે જેમાં .....

(૧) મારી બા(૧૯૮૯)

(૨) બાપા વિશે(૧૯૯૩)

ચરિત્રકાર તરીકે લાભશંકર ઠાકરે 'મારી બા' અને 'બાપા વિશે'નાં ચરિત્રકથાનકોને આધારે લખ્યાં છે  એમાં લેખકની ચરિત્ર વિષય સાથેની ઊંડી નિસબત, અરૂઢ નિરૂપણરીતિ તથા એમની આગવી વ્યક્તિમતાને શક્તિમતાને કારણે વિલક્ષણને પ્રભાવક થયો છે. 'મારી બા'માં માતા પ્રભાવતીનું પ્રભાવક ચિત્ર અને 'બાપા વિશે' માં પિતા જાદવજી વૈધનું કાવ્યરચિત ગદ્યમાં ચિત્ર-ચરિત્ર આલેખી શબ્દ-શ્રધ્ધાંજલિ અર્પી છે.

## (૯) કાયચિકિત્સક લાભશંકર ઠાકર :-

વૈદ્ય તરીકે કામ વારસાગત મળ્યું હોવાથી આયુર્વેદ વિષયક અનેક પુસ્તકો

તેઓ આપે છે. તે પુસ્તકોની યાદી જોઈએ તો,

(૧) ઋતુચર્યા(૧૯૬૧)

(૨) રોગ અને ઉપચાર(૧૯૬૫)

(૩) ડાયાબિટીશ(૧૯૭૧)

(૪) આપણા ઔષધો(૧૯૭૩)

(૫) ઓળખો તો ઔધષ(૧૯૭૩)

(૬) હરસ - પાઈલ્સ(૧૯૭૪)

(૭) અનિદ્રા(૧૯૭૪)

(૮) ચામડીના રોગો(૧૯૭૪)

(૯) આર્તવવિકાર(૧૯૭૪)

(૧૦) આહાર-આરોગ્ય(૧૯૭૪)

(૧૧) રોગપરિચયમાળા (૧-૧૦ પુસ્તિકાઓ)(૧૯૭૪)

(૧૨) સર્વમિત્ર (૧૯૮૬)

(૧૩) ઉપચારસતક(૧૯૮૭)

(૧૪) દીવેલ(૧૯૮૮)

(૧૫) ઔષધ્યાપન(૧૯૮૯)

(૧૬) ઓસડિયું ભાગ ૧,૨(૧૯૮૯)

(૧૭) ચામડીના વિકારો(૧૯૯૦)

(૧૮) ઘરઘરમાં ઔષધો(૧૯૯૦)

(૧૯) સંધીવા આમવાન(૧૯૯૦)

(૨૦) વંધત્વ(૧૯૯૦)

(૨૧) દમસાંસની(૧૯૯૦)

(૨૨) રોગરસાયણ(૧૯૯૦)

(૨૩) બ્લડપ્રેશર(૧૯૯૦)

(૨૪) સ્ત્રીના રોગો અને ઉપચાર(૧૯૯૦)

(૨૫) આયુર્વેદની અમૃતધારા(૧૯૯૧)

(૨૬) આરોગ્યની રત્નાકર(૧૯૯૩)

(૨૭) પૂછો તો કહું(૧૯૯૩)

(૨૮) રામબાણ દવા : દિવેલ(૧૯૯૩)

(૨૯) દર્દી અને દવા : સંસ્મરણો જુના-નવા(૧૯૯૭)

(૩૦) સર્વમિત્રની ઉપચાર યાત્રા(૧૯૯૭)

(૩૧) આચાર્ય દૃઢબલની ઉપચારકથાઓ(૧૯૯૭)

(૩૨) ઉપચાર મંજુસા(૧૯૯૮)

(૩૩) સુક્રસ્ત્રાવ(૨૦૦૦)

(૩૪) આમલાપીત(૨૦૦૦)

(૩૫) દરદ મટાડે દાદાજી(૨૦૦૦)

(૩૬) હરસ(૨૦૦૦)

(૩૭) વૈદ બાપાનું વૈદુ(૨૦૦૦)

(૩૮) આચાર્ય દૃઢબલનો ઉપચારબોધ(૨૦૦૧)

(૩૯) આરોગ્યધન(૨૦૦૨)

(૪૦) આરોગ્ય સંપદા

(૪૧) આરોગ્યની આરસી

(૪૨) સફળ ઈલાજો

(૪૩) આરોગ્ય મંગલ

(૪૪) ઈલાજ બહોતેરી

(૪૫) ઔષધ રત્નાકર

(૪૬) રોગરહસ્ય

(૪૭) સર્વમિત્રની સાથે સાથે

લાભશંકર ઠાકર પાસેથી આયુર્વેદના રસવ્યવસાય કટારલેખનના પરિણામ સ્વરૂપે સુડતાલીસેક ગ્રંથો મળે છે. એ લખાણો પરથી એમની સર્જકતાના પ્રતાપે આયુર્વેદનું રસાળ અને રોચક વાચન પુરું પાડે છે. ''ઓસડિયું', 'રોગ અને ઉપચાર', 'વૈદ બાપાનું વૈદું', 'ઉપચાર બોધ', 'આરોગ્યધન', વગેરે જેવાં પ્રકાશનો આરોગ્ય માટે ઉપયોગી છે. ધીરુભાઈ પરીખ કહે છે કે, 'સર્વમિત્ર'માં નાયકપદે વિચરતા સર્વમિત્રની હેતુલક્ષી છતાં વિશિષ્ટ લાક્ષણિકતાઓને કારણે વ્યથા પણ જાણે કથામાં કલવાઈને એક રસાયણ બની અનુભવાય છે.''[૫] આમ બધા જ ગ્રંથો તેમને એક સનિષ્ઠ વૈદ્ય તરીકેની પ્રતિભા પ્રગટ કરે છે. એમની વ્યક્તિત્વમાં 'રસ-સિદ્ધ કવિશ્વર'નું તેજ છે જ.

લાભશંકર ઠાકરની સર્જન ક્ષેત્રે કેટલીક મર્યાદાઓ હોવા છતાં આ બધામાંથી બહુ જ જલદી ઉપર ઊઠીને આ મર્યાદાઓને ઓળંગીને પોતાના આગવા સર્જન મિજાજનો પરિચય આપતી રચનાઓ દ્વારા લાભશંકરે નવીનોમાં પોતાનું માનવંતુ સ્થાન અને માન પ્રાપ્ત કરી લીધું છે. એ પણ ખૂબ અગત્યની બાબત છે. રાધેશ્યામ શર્માના શબ્દોમાં કહીએ તો, ''ભાષાશૈલી મોટે ભાગે સંસ્કૃત પ્રચુર બાની મઢી, પણ પ્રસંગોપાત તળપદી તાકાતનો પરિચય પણ આપે છે. લયલીનતા અને પ્રાસાનુપ્રાસના, કલ્પના-પ્રધાનતા અને ઉપમા નાવિન્યના લેખકની વૈયક્તિકતાના સુરેશ સિક્કાવાળી છે. સમકાલીન કવિલેખકો ઉપર તેમજ ખાસ તો 'રે-મઠ' કાવ્યના સમકાલીન રુચિવાન સર્જકો પર લેખકનો પ્રભાવ નિઃશક પ્રસરેલો છે.''[૬]

જ્યારે ચિનુ મોદી કહે છે કે, ''આજે ગુજરાતી કવિતાની બદલાતી ઘડાતી

સ્થિર થતી કાવ્યવિભાવનાના કેન્દ્રમાં લાભશંકર ઠાકર પણ છે.''

આમ લાભશંકર ઠાકરનું જીવન અને સાહિત્યપ્રદાન જોતાં આપણે કહી શકીએ કે તેઓ ગુજરાતી સાહિત્યની એક વિરલ પ્રતિભા સમાન છે. ભાષા સાથે સતત કામ પાડનાર લાભશંકર ઠાકર પ્રથમ કાવ્ય સંગ્રહમાં પરંપરાની અત્યાધિક સિદ્ધ કૃતિઓ આપ્યા પછી બાકીના ત્રણેય સંગ્રહોમાં આધુનિકતાના સર્વ અર્થ સમેત આધુનિક ગુજરાતી કવિ તરીકે સાતમા-આઠમા દાયકાના નોંધપાત્ર જીવંત સર્જક રહ્યા છે.

## પાદટીપ

| ક્રમ | સર્જકનું નામ | પુસ્તકનું નામ | પૃષ્ઠ નંબર | આવૃત્તિ |
|---|---|---|---|---|
| ૧ | રઘુવીર ચૌધરી | 'તિલક કરે રઘુવીર' | પૃષ્ઠ-૧૩૮ | પ્ર.આવૃત્તિ-૧૯૯૮ |
| ૨. | ચિનુ મોદી | 'બે દાયકાના ચાર કવિઓ' | પૃ-૮૧ | પ્ર.આવૃત્તિ-૧૯૭૩ |
| ૩. | હર્ષદ ત્રિવેદી | 'સર્જક અને સર્જન-૪' | પ્રથમ દર્શ્ય-કાવ્ય સીડી ભાગ-૪ | |
| ૪. | ચિનુ મોદી | 'બે દાયકાના ચાર કવિઓ' | પૃ-૮૧ | પ્ર.આવૃત્તિ-૧૯૭૩ |
| ૫. | ધીરુભાઈ પરીખ | 'સમકાલીન કવિઓ' | પૃ.-૧૪૦ | પ્ર.આવૃત્તિ-૧૯૮૩ |
| ૬. | રઘુવીર ચૌધરી | 'તિલક કરે રઘુવીર' | પૃ.-૩૬૯ | પ્ર.આવૃત્તિ-૧૯૯૮ |
| ૭. | ચિનુ મોદી | 'મારા સમકાલીન કવિ' (લાભશંકર ઠાકર વિશે) | પૃ.-૨૧ | પ્ર.આવૃત્તિ-૧૯૭૩ |